**<u>સુરેન્દ્રનગરનાં મ્હે.(ત્રીજા એડી .)જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમા , મુ.સુરેન્દ્રનગર.</u>**

**ક્રિમીનલ કેસ નં.:૨૪૬૩/૨૦૨૨**
**આંક:૦૫**

ફરિયાદી :– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :– વિજયભાઇ રામસંગભાઇ રીબડીયા
રતનપર બાયપાસ રોડ,મેકસન સર્કલ પાસે
ખેરાળી વાળી વિસ્તારમા જી.સુરેન્દ્રનગર

**ગુન્હો:– ધી ગુજરાત પ્રોહી. એકટ,કલમ–85(1)**

**<u>ઠ રા વ</u>**

આ કામે આરોપીને આક્ષેપિત ગુન્હા સબબ પ્રોસેસ કરી હાજર થતા જરૂરી નકલો અદા કરી તહોતમનામુ ઘડયુ,તેઓની ગુન્હા સબબ પુછપરછ કરતા આજ રોજ આરોપી ગુન્હો કબુલ કરવા માંગતા હોય તેઓની પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરેલ છે. અને તે મતલબની ગુન્હાની કબુલાત પુરસીસ પણ આપેલ છે, જેથી તેઓની ગુન્હા સબબની કબુલાત તથા તેઓએ કરેલ રજુઆત તથા કાયદાનો હેતુ ધ્યાને લેતા તેમજ **ધી સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત.ને લક્ષમાં લેતા ગુના સબબ કલમ માં ન્યુનતમ સજા નિયત કરેલ હોવા છતાંય ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા વિશિષ્ટ સંજોગોમાં થઇ શકે છે, તે અંગે જોવામાં આવે તો, આરોપી મજુરી કામ કરીને તેઓનુ ગુજરાન ચલાવતો હોઈ, આરોપીને આ ગુના બદલ પસ્તાવો થતો હોય તેમજ હવે પછી આવો કોઈ ગુનો કરશે નહી તેવી હકીકતની જાહેરાત આરોપીએ કરેલ હોય તે સંજોગો ધ્યાને રાખી આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરેલ રજુઆતોને લક્ષમા લેતા,આરોપીના કથિત કૃત્યની સજા આડકતરી રીતે તેના કુટુંબીજનોને થનાર હોય, આરોપીએ ગુના સબબ પસ્તાવો પણ વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી બને તેવી ખાત્રી પણ આપે છે.તથી તમામ સંજોગો ધ્યાને લઇ નીચે મુજબનો આથી હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૪૧ મુજબ આ કામના આરોપીને પ્રોહી કલમ–૮૫(૧),મુજબના ગુના ના ભંગ સબબ તકસીરવાન ઠરાવી ને રૂા. ૩૦૦/– (અંકે રૂપીયા ત્રણસો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દરેક આરોપીને દિન – ૦૨ ની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૦૯, માહે–માર્ચ, સને ૨૦૨૪ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૯/૦૩/૨૦૨૪**
સુરેન્દ્રનગર.

**(ભાવેશ ચંદુલાલ વાજા)**
ત્રીજા એડી.સીવીલ જજ અને
જયુડી.મેજી.ફ.ક.સુરેન્દ્રનગર.
**કોડ નં. જીજે૦૧૭૪૧**

<u>Lokadalat/special sitting</u>